અમેરિકામાં વધુ એક વાવાઝોડું

વોશિંગ્ટન,તા. ૮

અમેરિકાના ન્યૂયોર્ક અને ન્યૂજર્સીમાં સેન્ડી વાવાઝોડાએ ભારે નુકસાન કર્યા બાદ ન્યૂયોર્ક ઉપર વધુ એક વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યુ છે. ન્યૂયોર્ક અને ન્યૂજર્સીમાં તોળાઈ રહેલા આ વાવાઝોડાના કારણે તંત્ર સાવધાન થઈ ગયુ છે. ૧૭૧૦ જેટલી ફ્લાઈટોને સાવચેતીના પગલારૂપે રદ કરી દેવામાં આવી છે. હજારો લોકો વિજળી વગર થઈ ગયા છે. છઠ્ઠી નવેમ્બરના દિવસે અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી પહેલા સેન્ડી વાવાઝોડાએ ભારે નુકસાન કર્યુ હતુ. વહિવટી તંત્ર દ્વારા સેન્ડી વાવાઝોડાના કારણે થયેલા નુકસાન બાદ સ્થિતિમાંથી બહાર નીકળવાના પ્રયાસમાં છે ત્યારે વધુ એક વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યુ છે. સેન્ડી વાવાઝોડાના કારણે થયેલા નુકસાનમાંથી અમેરિકા હજુ સુધી બહાર આવી શક્યુ નથી ત્યારે વધુ એક વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યુ છે. હવામાન વિભાગનું કહેવું છે કે નવા વાવાઝોડાનું નામ એથેના રાખવામાં આવ્યું છે. અને આ વાવાઝોડુ પૂર્વિય દરિયાકાંઠા તરફ વધી રહ્યુ છે. અંદાજમાં જણાવવામાં આવ્યું છે કે ૬૦ માઈલ પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. ન્યૂ ઈંગ્લન્ડે ક્ષેત્રમાં આગામી બે દિવસ દરમિયાન ભારે હિમ વર્ષા થઈ શકે છે આના કારણે છથી ૧૦ ઈંચ બરફ જમા થઈ શકે છે. વરસાદના કારણે ન્યૂયોર્ક અને ન્યૂજર્સીના દરિયાકાંઠાના વિસ્તારમાં ભારે પાણી ભરાઈ શકે છે. વરસાદ અને હિમ વર્ષાના કારણે ન્યૂયોર્ક, ન્યૂજર્સી, કનેક્ટીકટ, પેન્સિલવેનિયા, મૈસાચૂસેટ્સમાં ઘણી ફ્લાઈટો રદ્દ કરવામાં આવી છે. સૂત્રોએ કહ્યુ છે કે હજુ સુદી ૧૭૧૦ જેટલી ફ્લાઈટો રદ્દ કરવામાં આવી છે. મોટાભાગની ફ્લાઈટો ન્યૂજર્સીના નેવાર્ક અને ન્યૂયોર્કના લાગાર્ડીયા તથા જેએફકે વિમાનીમથકથી રદ્દ કરવામાં આવી છે. સેન્ડીના કારણે હજુ સુધી લાખો લોકો વિજળીથી વંચીત થયેલા છે. ન્યૂજર્સીની કંપની પબ્લિક સર્વિસ ઈલેક્ટ્રીક એન્ડ ગેસનું કહેવું છે કે ૧૮૧૦૦ ગ્રાહકો હજુ પણ વિજળી વગર થયેલા છે.

વાવાઝોડાનું સંકટ.....

- એરિકાના ન્યૂયોર્ક અને ન્યૂજર્સીમાં વ્યાપક નુકસાન બાદ વધુ એક વાવાઝોડાનું સંકટ
- ૧૭૦૦થી વધુ ફ્લાઈટો રદ્દ કરાઈ
- હજારો લોકો હજુ પણ અંધારપટ હેઠળ
- સેન્ડી વાવાઝોડાની મુશ્કેલીમાંથી બહાર નીકળવાના પ્રયાસ થઈ રહ્યા છે ત્યારે વધુ એક સંકટ
- નવા વાવાઝોડાનું નામ એથેના રખાવામાં આવ્યું
- પ્રતિકલાક ૬૦ માઈલના અંતરે પવન ફૂંકાયો
- ન્યૂ ઈંગ્લેન્ડ ક્ષેત્રમાં આગામી બે દિવસમાં ભારે હિમ વર્ષાની શક્યતા
- ન્યૂયોર્ક, ન્યૂજર્સી, કેનેક્ટીકટ, પેન્સિલવેનિયા, મૈસાચૂસેટ્સમાં ઘણી ફ્લાઈટો રદ્દ કરાઈ
- મોટાભાગની ફ્લાઈટો ન્યૂજર્સીના નેવાર્ક અને ન્યૂયોર્ક વિમાની મથકથી રદ્દ કરવામાં આવી
- હજારો ફ્લાઈટ રદ્દ થતા લોકો અટવાઈ પડ્યા

પાયલોટોના ડ્યુટીના કલાકમાં દરમિયાનગીરીનો આક્ષેપ થયો

નવી દિલ્હી,તા. ૮

કેન્દ્રીય ઉડ્ડયન પ્રધાન અજીતસિંહ પર તેમની સત્તા બહાર જવાનો અને બિનજરૂરી મામલામાં દરમિયાનગિરી કરવાનો પાયલોટોએ આક્ષેપ કરતા ખળભળાટ મચી ગયો છે. એસોસીએશન ઓફ ઈન્ડિયન કોમર્શિયલ પાઈલોટોએ દિલ્હી હાઈકોર્ટમાં અપીલ કરીને નવી ફ્લાઈટ ડ્યુટીના કલાકો સામે રજૂઆત કરી છે. આ અરજી પર સુનાવણીની તૈયારી થઈ ચૂકી છે. તેમની સાથે વાતચીત કર્યા વગર અથવા તો ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એરિયેશન સાથે વાતચીત કર્યા વગર પાયલોટોની નોકરીના કલાકોના મામલે દરમિયાનગિરી કરવાનો અજીતસિંહ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે. પાયલોટોનું કહેવું છે કે પાયલોટો દ્વારા મહત્તમ દરરોજના કલાકો નક્કી કરવાની બાબત ડીજીસીએનો અધિકાર છે. પાયલોટોને દલીલ છે કે પ્રધાન તેમના અધિકાર ક્ષેત્રની બહાર જઈને કામ કરી રહ્યા છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે ખાનગી એરલાઈન્સ દ્વારા પણ તેમની પોતાની ફ્લાઈટ નક્કી કરી નથી. ડ્યુટી ટાઈમની મર્યાદા તેમને નક્કી કરી નથી. અજીતસિંહ સામે આ પ્રકારના આક્ષેપથી હોબાળો મચી ગયો છે. દ્વિપક્ષીય સમજૂતીઓ પહેલાથી થઈ હોવાની વાત થઈ રહી છે.

પાયલોટોએ દાવો કર્યો છે કે અજીતસિંહ એરલાઈન્સ ઈન્ડસ્ટ્રી માટે એક તટસ્થ નોડલ પ્રધાન તરીકે કામ કરવામાં નિષ્ફળ ગયા છે. આ ઉપરાંત પાયલોટો ઉપર પ્રભુત્વ મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે. આનાથી સુરક્ષાનો પણ પ્રશ્ન થઈ રહ્યો છે. અરજીમાં દલીલ કરાઈ છે કે ૧૯૬૫ બાદથી એફબીટીએલ અથવા તો ફ્લાઈટ એન્ડ ડ્યુટી ટાઈમ લિમિટેશન અંગે કોઈપણ ફેરફાર પાયલોટો સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ કરવામાં આવ્યો છે. આને ડીજીસીએની મંજૂરી પણ મળેલી છે. આ વખતે અજીતસિંહ દરમિયાનગિરી કરીને નવી સમસ્યા ઉભી કરી રહ્યા છે. અજીતસિંહે આ આક્ષેપોના સંબંધમાં હજુ સુધી કોઈ વાત કરી નથી. પ્રધાન તેમના અધિકાર ક્ષેત્રનો દુરુપયોગ કરી રહ્યા હોવાની અરજી કરાયા બાદ હવે આ મામલો રાજકીય ગરમી પકડી રહ્યો છે.

પ્રમુખ બન્યા બાદ ઓબામા સામે અનેક પડકારો અને સમસ્યાઓ

વોશિંગ્ટન,તા. ૮

બરાક ઓબામા પ્રમુખ બની ગયા બાદ તેમની સામે અનેક પડકારો અને સમસ્યાઓ રહેલી છે. ઓબામાની સામે જે મોટી સમસ્યાઓ છે તેમાં નબળી અર્થવ્યવસ્થાનો મામલો પણ સામેલ છે. આવનાર દિવસો ઓબામા માટે પડકારરૂપ રહેશે. ચૂંટણી ચોક્કસપણે જીતી ગયા છે પરંતુ ઓબામા પાસેથી લોકોની આશાઓ વધી ગઈ છે જેથી તેમને ઝડપથી તમામ સમસ્યાઓ પાર પાડવી પડશે. ઓબામા સામે પાંચ મુખ્ય પડકાર નીચે મુજબહ છે.

નબળું અર્થતંત્ર

ઓબામા પ્રમુખ તરીકે ચૂંટાયા છે પરંતુ અર્થવ્યવસ્થા નબળી રહેલી છે. આકડા હજુ પણ વિકાસની વિરુદ્ધ છે. બેરોજગારીનો દર ૭.૯ ટકા છે. લાખો લોકો બેરોજગાર છે અથવા તો પોતાની ક્ષમતા કરતા ઓછા સ્તરે નોકરી કરી રહ્યા છે. આર્થિક વિકાસ બે ટકા છે જે સુધરશે તેમાં સંકેત દેખાતા નથી. યુરોપમાં દેવાનું સંકટ, અમેરિકાના રિયલ એસ્ટેટ બજારમાં મંદી અને અમેરિકાની નાણાંકીય સ્થિતિમાં અનિશ્ચિતતામાં પડકારરૂપ છે.

રાજકોષીય ખાદ્ય

આગામી વર્ષે જાન્યુઆરીમાં અમેરિકી સરકારને પોતાના ખર્ચાઓમાં મોટા કાપ મૂકવા પડશે. આની સાથે જ અમેરિકાની પ્રજાને પણ નવા કરવેરાનો પણ સામનો કરવો પડશે. આર્થિક મામલાઓ સાથે સંકળાયેલા લોકોનું કહેવું છે કે ટેક્સ વધારીને તથા ખર્ચમાં ઘટાડો કરવાથી અમેરિકી અર્થતંત્રમાં મંદીના વાદળો ઘેરાઈ શકે છે પરંતુ ઓબામાએ આ પગલાં તેમની પોતાની અવધીમાં જ જાહેર કર્યા હતા.

ઈરાન પ્રશ્ન

અમેરિકા સામે સૌથી મોટો પ્રશ્ન ઈરાન છે. અમેરિકા ઈચ્છતુ નથી કે ઈરાનની પાસે પરમાણુ હથિયાર રહે. ઈરાનનું કહેવું છે કે તેના પરમાણુ કાર્યક્રમ સંપૂર્ણપણે શાંતિપૂર્ણ હેતુ માટે છે. માત્ર વીજળી પેદા કરવાના હેતુસર આ કાર્યક્રમો રાખવામાં આવ્યા છે. ઈરાનના મામલાઓમાં જાણકાર લોકોનું કહેવું છે કે ઈરાન અને અમેરિકા ક્રોલ્ડ વોરની સ્થિતિમાં છે. જો ઈઝરાયેલ ઈરાનના પરમાણુ સ્થળો પર હુમલા કરે છે તો આનાથી ઓબામાની તકલીફ વધી શકે છે.

તબીબી ખર્ચ

અમેરિકી સરકાર દેશમાં ૬૫ વર્ષથી ઉપરના લોકો માટે એક મેડીકેર યોજના ચલાવે છે. પરંતુ નિષ્ણાંતોનું કહેવું છે કે આ યોજના માટે નાણાં ખતમ થઈ રહ્યા છે. આ કાર્યક્રમ ૫૦ વર્ષ જૂનો છે અને ડેમોક્રેટ દ્વારા જ લાવવામાં આવ્યો હતો. તબીબી ખર્ચ વધી રહ્યો છે. અમેરિકાની વસ્તીનો એક મોટો હિસ્સો ૬૫ વર્ષથી ઉપરનો છે. જેથી આ ખર્ચ વધી રહ્યો છે. વર્ષ ૨૦૦૫માં તબીબોની ચકાસણી અને દવાઓ પર થતો ખર્ચ વધીને જીડીપીના ૩.૪ ટકા થવાની સંભાવના છે.

કોંગ્રેસમાં સહમતીનો પ્રશ્ન

આ વખતે અમેરિકી સંસદ ડેમોક્રેટ અને રિપબ્લિકન સભ્ય સંપૂર્ણપણે વિભાજિત છે. છેલ્લા ચાર વર્ષમાં પણ આવી જ સ્થિતિ રહી હતી. ઓબામાને બિલ પસાર કરવા માટે ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. કોંગ્રેસને સાથે લઈને ચાલવાની બાબત પડકારરૂપ રહેશે.

ગ્વાટેમાલામાં ૭.૪ તીવ્રતાના ધરતીકંપથી ૪૮ લોકોના મોત

મેક્સીકો સીટી,તા. ૮

ગ્વાટેમાલામાં ભૂકંપમાં મૃત્યુ પામનાર લોકોની સંખ્યા વધીને ૪૮ ઉપર પહોંચી ગઈ છે. આજે પણ મોટી સંખ્યામાં લોકો લાપત્તા રહ્યા હતા અને તેમના અંગે કોઈ ભાળ મળી ન હતી. બુધવારે સવારે ૭.૪ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપનો આંચકો આવ્યો હતો. દરિયાઈ સપાટીમાં આવેલા આ ભૂકંપમાં ગ્વાટેમાલાના પ્રશાંત ક્ષેત્રને ભારે નુકસાન થયુ છે. પ્રમુખ ઓક્ટોપેરેજ મોલિનાએ રાષ્ટ્રીય એલર્ટની જાહેરાત કરી હતી. અને લોકોને સાવધાનીપૂર્વક ઉંચી ઈમારતોમાંથી નીકળી જવાનું કહેવામાં આવ્યું હતુ. અધિકારીએ કહ્યુ છે કે ભેખળો ઘસી પડવાના કારણે ઘણી ઈમારતોને નુકસાન થયુ હતુ. ભૂકંપ પ્રભાવિત વિસ્તારોને વ્યવસ્થિત કરવા ઘણો સમય લાગી શકે છે. ભૂકંપની અસર મોક્સિકોથી લઈને સાનસાલ્વાડોર સુધી જોવા મળી હતી. ઈમરજન્સી મંત્રાલયના જણાવ્યા મુજબ આશરે ૭૩૦૦૦ લોકો અંધારપટ હેઠળ આવી ગયા છે. અમેરિકાના ભૂકંપ સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યુ છે કે ભૂકંપનો આંચકો આંતરરાષ્ટ્રીય સમય મુજબ ૪.૩૦ વાગ્યે અનુભવાયો હતો. આનું કેન્દ્ર ચૈમ્પેરિકોથી ૨૪ કિલોમીટરના અંતરે પ્રશાંત મહાસાગરમાં હતું. ભૂકંપના અન્ય વધુ આંચકા આવી શકે છે તેવી દહેશતના કારણે હજારો લોકો પોતાના ઘરમાંથી નીકળીને ખુલ્લા મેદાનમાં આવી ગયા છે. જાહેર ઈમારતોને પણ ખાલી કરી દેવામાં આવી છે. મૃત્યુ પામનાર લોકોની સંખ્યા વધી શકે છે. બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. લાપત્તા થયેલા લોકોની સંખ્યા ખૂબ મોટી હોવાથી મોતના આંકડાને લઈને તંત્ર પણ ચિંતિત છે. ગ્વાટેમાલામાં આવેલા ભૂકંપને હાલના સમયના સૌથી પ્રચંડ ભૂકંપ તરીકે ગણવામાં આવે છે. ભૂકંપગ્રસ્ત વિસ્તારોમાં નુકસાનની સમિક્ષા કરવામાં આવી રહી છે.

અઝહર પર આજીવન પ્રતિબંધ ગેરકાયદે : આંધ્રપ્રદેશ હાઈકોર્ટ

હૈદરાબાદ,તા. ૮

ભારતના ભૂતપૂર્વ કેપ્ટન અને વિશ્વના સર્વશ્રેષ્ઠ સ્ટાઈલિસ્ટ બેટ્સમેનમાં સ્થાન ધરાવનાર અઝહરુદ્દીનને આજે મોટી રાહત થઈ હતી. આંધ્રપ્રદેશ હાઈકોર્ટે અઝહરુદ્દીન ઉપર લાદવામાં આવેલા આજીવન પ્રતિબંધને ગેરકાયદે ગણાવીને તેની ટિકા કરી હતી. અંધ્ર હાઈકોર્ટે કહ્યુ હતુ કે અઝહરુદ્દીન પર મુકવામાં આવેલો પ્રતિબંધ ખોટો હતો અને ગેરકાયદે પણ છે. અત્રે ઉલ્લેખનિય છે કે અઝહરુદ્દીન પર બીસીસીઆઈ દ્વારા આજીવન પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ત્યારબાદ અઝહરુદ્દીને આ ચુકાદા સામે આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. હાઈકોર્ટે મેચ ફિક્સીંગના મામલામાં અઝહરુદ્દીનને આજે મોટી રાહત આપી હતી. બીસીસીઆઈએ મેચ ફીક્સીંગના આરોપ બાદ અઝહરુદ્દીન પર આજીવન પ્રતિબંધ મુક્યો હતો. અઝહરે સીટી સિવિલ કોર્ટના ચુકાદાની સામે ૨૭મી ઓગસ્ટ ૨૦૦૧ના દિવસે આંધ્રપ્રદેશ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. અઝહરુદ્દીન પર વર્ષ ૨૦૦૦માં બીસીસીઆઈએ આજીવન પ્રતિબંધ મુક્યો હતો. ૧૫મી જુન ૨૦૦૦ના દિવસે દક્ષિણ આફ્રિકાના ખેલાડી હેન્સી ક્રોનીયે દ્વારા અઝહરુદ્દીન પર મેચ ફિક્સીંગનો આક્ષેપ મુકવામાં આવ્યો હતો. ૨૦મી

જુલાઈ ૨૦૦૦ના દિવસે અઝહરુદ્દીનના આવાસ પર દરોડા પાડવામાં આવ્યા હતા. ૩૧ ઓક્ટોબરના દિવસે બુકીએ પૈસા આપવાની વાત કરી હતી. અઝહરુદ્દીન પર ૨૦૦૦માં તમામ પ્રકારના ક્રિકેટ રમવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. અઝહરુદ્દીનને તેની સામે અપીલ કરી હતી. અઝહરુદ્દીનને ભારતના હજુ સુધીના સર્વશ્રેષ્ઠ બેટ્સમેન પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. અઝહરે ૯૯ ટેસ્ટ મેચમાં ૪૫ રનની સરેરાશ સાતે ૬૨૧૫ રન બનાવ્યા હતા. અઝહરે ૩૩૪ વનડે મેચો પણ રમી હતી જેમાં ૩૬.૯૨૨ રનની સરેરાશ સાથે ૯૩૭૮ રન બનાવ્યા હતા. ૪૯ વર્ષીય અઝહરુદ્દીન હાલમાં ઉત્તરપ્રદેશમાં મોરાદાબાદમાંથી લોકસભા માટે સાંસદ છે.

અઝહરુદ્દીનને ક્રિકેટ બોર્ડ સામે જોરદાર રજુઆત કરી હતી. અઝહરનું કહેવું છે કે છેલ્લા ૧૨ વર્ષમાં તેને જે તકલીફ પડી છે તેના માટે તે કોઈને દોષ આપશે નહીં. જસ્ટીસ આશુતોષ મોહન્તા અને કૃષ્ણમોહન રેડ્ડીની બનેલી બેચે અઝહરને રાહત આપી છે. બેચે અઝહરના વકીલની દલીલોને સ્વીકારી લીધી હતી. કોંગ્રેસના સાંસદ તરીકે હાલમાં સેવા આપી રહેલા અઝહરે કહ્યુ હતુ કે ચૂકાદો આવ્યા બાદ તે ક્રિકેટમાં ફરી કામ કરવાની ઈચ્છા ધરાવે છે અને પોતાની કેરિયરમાં જે કાંઈ પણ સિદ્ધિઓ મેળવી છે તે યુવા ખેલાડીઓને માર્ગદર્શન આપીને લાભ આપવા માંગે છે. ડિસેમ્બરમાં યોજાનારી ભારત-પાકિસ્તાન વનડે શ્રેણી અંગે પુછવામાં આવતા અઝહરે કહ્યુ હતુ કે આ સ્વાગતરૂપ ઘટનાક્રમ છે.

બંને દેશો વચ્ચે ક્રિકેટ સંબંધોને પ્રોત્સાહન મળે તે જરૂરી છે. તત્કાલિન પ્રમુખ એસી મુથ્થૈયા અને અન્ય બે ઉપપ્રમુખ કમલ મોરારકા તથા કેએમ રામપ્રસાદની બનેલી ત્રણ સભ્યોની કમિટિ દ્વારા કરવામાં આવેલા સૂચનના આધાર પર બીસીસીઆઈ દ્વારા ૨૦૦૦માં અઝહર ઉપર આજીવન પ્રતિબં[redacted] ૧૫ વર્ષની કેરિયર[redacted]ને ઘણા રેકોર્ડ પોતાના[redacted]તા.

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

પ્રશ્ન - ન્યુઝીલેન્ડનું ઉપનામ શું છે?
જવાબ - દક્ષિણનું બ્રિટન

● આ સપ્તાહનો સવાલ...?

બીજી વાર રાષ્ટ્ર પ્રમુખ વિજેતા બરાક ઓબામા કઈ પાર્ટીના નેતા છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

● સાચા જવાબો :-

૫ (૫૧) ૬ (૨૧) ૫૮ (૬૧) ૫ (૨૧) ૫૮ (૧૧) ૬ (૦૧)
૬ (૭) ૫ (૭) ૬ (૭) ૫૮ (૩) ૫ (૫) ૫૮ (૨) ૬ (૬) ૫૮ (૨) ૫ (૧)

એચએએલમાં ૧૦ ટકા હિસ્સો વેચવાને કેબિનેટની મંજુરી

નવી દિલ્હી,તા. ૮

દેશની મહાકાય એરોસ્પેસ કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સમાં સરકારી હિસ્સેદારી પૈકી ૧૦ ટકા હિસ્સેદારી વેચવાની દરખાસ્તને લીલીઝંડી મળી ગઈ છે. કેન્દ્રિય કેબિનેટ દ્વારા આજે આને મંજુરી આપવામાં આવી હતી. આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ એચએએલમાં ૧૦ ટકા ઈક્વિટી વેચાણને લીલીઝંડી આપવામાં આવી હતી. સ્થાનિક માર્કેટમાં આઈપીઓ મારફતે ૧૦૦ ટકા હિસ્સેદારી પૈકીની આ હિસ્સેદારી વેચવામાં આવશે. આજે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવવામાં આવ્યું હતુ કે સેબીના નિયમો અને ધારાધોરણ મુજબ સ્થાનિક માર્કેટમાં આઈપીઓ મારફતે આ હિસ્સો વેચવામાં આવશે. આ મુદ્દે વાતચીત કરતા નાણાં મંત્રી ચિદમ્બરમે કહ્યુ હતુ કે આ પ્રક્રિયા આઈપીઓ પર આધારિત છે. એચએએલ બોર્ડનું પુનઃનિર્માણ કરવામાં આવશે. આઈપીઓ આગામી નાણાંકીય વર્ષમાં જારી કરવામાં આવશે. ડિસઈન્વેસ્ટમેન્ટની દિશામાં સરકાર હાલ ઝડપથી આગળ વધવા માંગે છે. સીસીઈએ સમક્ષ પહેલા ડિસઈન્વેસ્ટમેન્ટની યોજના રજુ કરવામાં આવી હતી.

ડિસેમ્બર સુધી બોર્ડના સભ્ય રહેશે

રતન તાતાનું તાતા પાવર ચેરમેન તરીકે રાજીનામું

નવી દિલ્હી,તા. ૮

ખાનગી સેક્ટરમાં દેશની સૌથી મોટી ઈલેક્ટ્રીસીટી ઉત્પાદન કરતી કંપની તાતા પાવરે આજે કહ્યુ હતુ કે રતન તાતા કંપનીના ચેરમેન તરીકે રાજીનામું આપી ચુક્યા છે. આઠમી નવેમ્બરથી અમલી બને તે રીતે રતન તાતા તાતા પાવરના ચેરમેન તરીકે રાજીનામુ આપી ચુક્યા છે અને તેમની જગ્યાએ સાયરસ પી.

મિસ્ત્રીને ચેરમેન તરીકે નિમવામાં આવ્યા છે. એ[redacted]રી કરીને કંપનીએ આ મુજબની વાત કરી છે. રતન તાતા ૧૯૮૯થી [redacted]માં સક્રિય હતા .જો કે ડિસેમ્બર ૨૦૧૨માં તેમની નિવૃત્તિ સુધી બો[redacted]રીકે ચાલુ રહેશે. તાતા ગ્રુપના ચેરમેન તરીકે જગ્યા લઈ રહેલા મિસ્ત્રી[redacted]સેમ્બર ૨૦૧૧ના દિવસે તાતા પાવર બોર્ડમાં સામેલ કરવામાં અ[redacted] મિસ્ત્રી ૧૯૯૬થી ૨૦૦૬ સુધી એટલે કે ૧૦ વર્ષ સુધી તાતા પાવ[redacted]સેવા આપી ચુક્યા છે. ૨૦૦૬ બાદથી તાતા સન્સના ડિરેક્ટર તરી[redacted]૨૦૧૧માં તેમની ડેબ્યુટી ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવી [redacted]ો થશે. ભારતી

સેન્સેક્સ ફરી ૫૬ પોઈન્ટ ઘટી ૧૮૮૫૦થી નીચે પહોંચી ગયો

મુંબઈ,તા. ૮

શેરબજારમાં છેલ્લા છ સેશનથી ચાલી રહેલી તેજી પર આજે આખરે બ્રેક મુકાઈ હતી. ઈન્ડેક્સ હેવી વેટના શેરોમાં ઉચ્ચ સપાટીએ પ્રોફિટ બુકિંગની સ્થિતિ જોવા મળી હતી. બીજીબાજુ મૂડીરોકાણકારો યુરોપિયન સેન્ટ્રલ બેંકની યોજાનારી બેઠકના પરિણામની પણ રાહ જોઈ રહ્યા છે. આજે કારોબારના અંતે સેન્સેક્સ ૫૬ પોઈન્ટ ઘટીને ૧૮૮૪૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૧ પોઈન્ટ ઘટી ૫૭૩૯ની સપાટીએ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી ઈન્ટ્રાડે દરમિયાન ક્રમશઃ ૧૮૭૩૬ અને ૫૬૯૪ની સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક મોરચે નિક્કીમાં ૧.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઘર આંગણે ડોલર સામે રૂપિયામાં ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈ કેપિટલ ગુડ્સ, હેલ્થકેર, પાવર, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં એક ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો જ્યારે બીએસઈ રિયાલીટી અને ઓટો ઈન્ડેક્સમાં એકથી બે ટકાનો વધારો જોવા મળ્યો હતો. ઈન્ડેક્સ હેવી વેટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધુ ૦.૫ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો. કેપિટલ ગુડ્સની મોટી કંપની એલએન્ડટીમાં બે ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. તાતા પાવરના શેરમાં આજે સૌથી વધુ બે ટકાનો ઘટાડો નોંધાયો હતો. ઈન્ફોસિસમાં એક ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈમાં આજે ૧૪૫૯ શેરમાં મંદી રહી હતી જ્યારે ૧૩૬૯ શેરમાં તેજી જોવા મળી હતી. વૈશ્વિક બજારમાં નબળા પ્રવાહ વચ્ચે છેલ્લા છ દિવસથી ચાલતી તેજી ઉપર બ્રેક મૂકાઈ હતી. છેલ્લા છ સેશનમાં ૪૭૦ પોઈન્ટનો સુધારો થયા બાદ આજે શેરબજારમાં મંદી જોવા મળી હતી જેથી રોકાણકારો તહેવાર પહેલા હતાશ દેખાયા હતા. બજારની શરૂઆત સવારે ૧૬૬ પોઈન્ટના ઘટાડા સાથે થઈ હતી. અમેરિકી શેરબજારમાં દહેશતનું વાતાવરણ જોવા મળ્યું હતું. ગઈકાલે કારોબાર દરમિયાન ડાઉજોન્સમાં ૨.૩૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

કેન્દ્રીય કેબિનેટે વન ટાઈમ સ્પેક્ટ્રમ ફીને લીલીઝંડી આપી દેતા કોલના રેટમાં વધારો થવાનો તખ્તો તૈયાર

નવી દિલ્હી,તા. ૮

કેન્દ્રીય કેબિનેટે વન ટાઈમ સ્પેક્ટ્રમ ફીને લીલીઝંડી આપી દેતા કોલના રેટમાં વધારો થવાનો તખ્તો તૈયાર થઈ ગયો છે. સ્પેક્ટ્રમ માટે ૩૧૦૦૦ કરોડની આસપાસની વન ટાઈમ ફીને મંજૂરી આપી દેવામાં આવી છે. તમામ પ્રવર્તમાન ટેલીકોમ ઓપરેટરો પર વનટાઈમ સ્પેક્ટ્રમ ચાર્જ લાગુ કરી દેવામાં આવ્યો છે. વડાપ્રધાન મનમોહનસિંહના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટે એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મિનિસ્ટર્સની ભલામણને સ્વીકારી લીધી છે. ઈજીઓએમ દ્વારા એવી ભલામણ કરવામાં આવી હતી કે તમમ પ્રવર્તમાન મોબાઈલ ફોન કંપનીઓને વનટાઈમ સ્પેક્ટ્રમ ચાર્જની ચૂકવણી કરવી જોઈએ. ઈજીઓએમ દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે આનાથી સર[redacted] થશે. ભારતી એરટેલ અને વોડાફોન જેવી ટેલીકોમ કંપનીઓ દ્વારા જાળવી રાખવામાં આવેલા સ્પેક્ટ્રમ પર વનટાઈમ ફી તરીકે ૩૧૦૦૦ કરોડના ટેસ્ટને મંજુરી અપાઈ છે. નાણાં મંત્રી ચિદમ્બરમે કહ્યુ છે કે ઈજીઓએમની ભલામણોને મંજુરી આપી દેવાઈ છે. ચિદમ્બરમે એમ પણ કહ્યુ છે કે ૧૨મી નવેમ્બરથી શરૂ થઈ રહેલી હરાજીમાં ભાવ અંગે ચર્ચા કરાશે. ઈજીઓએમ દ્વારા કેબિનેટ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી હતી કે જીએસએમના કેસમાં ૪.૪ એમએચઝેડની પ્રાથમિક ફાળવણી બાદ ઓપરેટરો દ્વારા જાળવી રાખવામાં આવેલા સ્પેક્ટ્રમ પર વન ટાઈમ ફી અને સીડીએમએ ઓપરેટરના કેસમાં ૨.૫ એમએચઝેડથી ઉપર વન ટાઈમ ફી ઉપર ટેક્સ હોવો જોઈએ. ઈજીઓએ દ્વારા એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે ૬.૨ એમએચઝેડથી વધુ સાથે ઓપરેટરો ઉપર સરચાર્જ વર્ષ ૨૦૦૮થી શરૂ થયેલા ચાર વર્ષ માટે ૨૦૦૧ના ઈન્ડેક્સ પ્રાઈઝ ઉપર આધારિત રહે તે જરૂરી છે.

બાકીના લાઈસન્સના ગાળા માટે ટેલિકોમ ઓપરેટરોને સ્પેક્ટ્રમની માર્કેટલક્ષી કિંમત ચૂકવવા કહેવામાં આવશે. આ હિલચાલથી ૧૨મી નવેમ્બરથી શરૂ થતી સ્પેક્ટ્રમ હરાજીને અસર થઈ શકે છે. કુલ રકમની વાત કરવામાં આવે તો બીએસએનએલ અને એમટીએનએલ ખાનગી કંપનીઓ માટે જંગી વ્યવસ્થા કરે તેવી શક્યતા છે. ઈજીઓએમના સૂત્રોએ કહ્યું છે કે ઓપરેટર તરફથી પેમેન્ટને લઈને હજુ પણ દુવિધાની સ્થિતિ છે. કેબિનેટે વન ટાઈમ સ્પેક્ટ્રમ ફીને લીલીઝંડી આપતા કોલ રેટમાં વધારો થઈ શકે છે.